રાજ્યમાં પીવાના પાણીની વ્યવસ્થા સુદ્રઢ બનાવવા પગલાં લેવા તાકીદ

ગાંધીનગર, તા.૧૮

સમગ્ર દેશમાં વરસાદ ખેંચાતા અને ઓછો પડતાં ખેતી અને પીવાના પાણી મોટેનો પ્રશ્ન ઉભો થયો છે ત્યારે ગુજરાત રાજયમાં ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં બધા જ નાગરિકોને શકય તેટલું વધુ પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકાર કટિબધ્ધ રીતે આયોજન કરી રહી છે. આમ, તો ગુજરાત રાજયમાં છેલ્લા ૧૦ વર્ષથી સમયસર અને પુરતો વરસાદ થતો હોવાને કારણે અને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રાજય સરકારના સતત પ્રયત્નોને કારણે નર્મદાની કેનાલના કામો ઘણા આગળ વધ્યા છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા જંગી પાઈપ લાઈનો, હજારો કિલો મીટરનું નેટવર્ક સમગ્ર રાજયમાં સ્થપાઈ ચુકયું હોવાને કારણે પીવાના પાણીની સંપૂર્ણ વ્યવસ્થા જળવાઈ રહી છે. પરંતુ સૌરાષ્ટ્ર-કચ્છ, દાહોદ અને પોરબંદર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સ્થાનિક બંધોમાંથી પણ પાણી મેળવવામાં આવે છે. આ વર્ષે વરસાદ ખેંચાતા સૌરાષ્ટ્રના બંધોમાં પાણીનો જથ્થો ઓછો થઈ ગયો છે અને તેના કારણે જે પાણી પુરવઠા યોજનાઓ આ બંધો આધારિત છે ત્યાં પીવાના પાણીના પ્રશ્નો ઉદભવ્યા છે તેને ધ્યાનમાં રાખી રાજય સરકારે નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાઓ, સિંચાઈ વિભાગના જળાશયો આધારિત પાણી પુરવઠા યોજનાઓનું વધુમાં વધુ પાણી નાગરિકોને તમામ વિસ્તારોમાં પીવા માટે પહોંચાડવા માટેની કામગીરી હાથ ઉપર લીધી છે તેમ પાણી પુરવઠા મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે.

મંત્રીશ્રી પટેલે ઉમેર્યું કે, રાજકોટ શહેર અને જિલ્લો, જામનગર શહેર અને જિલ્લો અને કચ્છ જિલ્લાની ઢાંકી-માળિયા કેનાલથી દરરોજ ૪૦ કરોડ લીટર પાણી પુરું પાડવામાં આવે છે. જે જથ્થામાં વધારો કરવા અને આ કેનાલ ઉપરથી નાગરિકો દ્વારા જે પાણી ખેંચી લેવામાં આવે છે તેને અટકાવી આ ઘટ ન પડે તેવું આયોજન કરવાની કામગીરી રાજય સરકારે હાથ ઉપર લીધી છે અને આ પાણીના જથ્થામાં વધારો કરી ૫૦ કરોડ લીટર કરતાં વધુ પાણી ઉપાડી શકાય તેવું આયોજન હાથ ધર્યું છે.

જાણીતા સામાજિક કાર્યકર, રાજકીય આગેવાન અને પૂર્વ અધ્યક્ષ, ઔડા શ્રી છનાલાલ જોષીને રાજભવન, ગાંધીનગર ખાતે ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ શ્રીમતી ડૉ. કમલાજીના વરદ્ હસ્તે 'ગ્લોરી ઑફ ગુજરાત'ના ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજકીય આગેવાનો તેમજ સમાજના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પવિત્ર શ્રાવણમાસ પ્રારંભે મહેસાણાના શિવાલયોમાં ઠેર ઠેર ઉત્સવનો માહોલ

મહેસાણા, તા. ૧૮

તા. ૨૦ જુલાઈથી પવિત્ર શ્રાવણ માસનો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે ઠેર ઠેર શિવાલયોમાં ધાર્મિક મહોત્સવો ઉજવવાનું આયોજન થયેલ છે. હિન્દુઓમાં શ્રાવણ મહિનાનું અનેરૂ મહત્વ છે. આ માસ દરમિયાન સુપ્રસિદ્ધ શીવ મંદિરો તેમજ અન્ય શીવાલયોમાં શ્રાવણોત્સવની ધામધૂમથી ભક્તિભાવપૂર્વક ઉજવણી થાય છે.

મહેસાણા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ દેવાધીદેવ મહાદેવના મંદિરોમાં ભજન સત્સંગ, કથા કિર્તન, ઋદ્અભિષેક, પંચામૃતાભિષેક, રૂદ્રાભિષેક, લઘુરૂદ્રાભિષેક દ્વારા આરાધના કરવામાં આવશે. કેટલાક સ્થળોએ ભાગવતકથાનું પણ આયોજન કરાયું છે. શ્રાવણ માસ દરમિયાન ભક્તો શીવજીને રીઝવવા, કૃપા મેળવવા શિવલીંગ પર દૂધની ધારા કરીને અને બિલીપત્રો ચડાવીને પૂજા અર્ચના કરશે. જેના કારણે મંદિરોમાં ભક્રી મોટી ભીડ જામશે.

કેટલાક મંદિરોને વિવિધ રોશનીથી સજાવવામાં આવ્યા છે. આ સિવાય મંગલ પાવન દિવસોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સ્વામિનારાયણ મંદિરોમાં કલાત્મક દર્શનીય હિંડોળા દર્શન ઝાંખી, શણગાર કરાશે. આમ શાંતિ અને ભક્તિના સુમેળભર્યા વાતાવરણમાં સમર્થ ભોલેનાથનો ઉત્સવ અનોખ રીતે ઉજવાશે.

બીજું આ વર્ષે હિન્દુઓના પવિત્ર શ્રાવણ માસમાં જ મુસ્લિમોના પવિત્ર રમજાન માસની શરૂઆત થતી હોઈ અનોખો સંજોગ રચાયો છે. રમઝાન માસમાં મુસ્લિમો પણ રોઝા (ઉપવાસ) કરીને ખુદાની બંદકી કરશે.

આ માસમાં ઉપવાસને કારણે ફળફળાદીનો ઉપયોગ વધી જશે જેના લીધે હાલ ફૂટના ઉંચા ભાવો છે તેમાં ખાસ્સો વધારો થશે તેમ મનાય છે. આ સાથે ફરાળી વાનગીઓના ભાવો પણ ઉંચકાયા છે. જેથી ઉપવાસ અને રોજા રાખનાર વ્યક્તિઓને ફરાળ અને ફૂટના ઉંચા દામ ચૂકવવા પડશે.

સુપ્રસિદ્ધ અભિનેતા સ્વ. રાજેશ ખન્નાને શ્રદ્ધાંજલિ આપતા રાજ્યપાલશ્રી-મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ હિન્દી ફિલ્મોમાં વિશિષ્ટ અભિનય માટે જાણીતા અને ભૂતપૂર્વ સાંસદ શ્રી રાજેશ ખન્નાના નિધન પર ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

તેમના શોક સંદેશમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે હિન્દી ફિલ્મ જગતના સુપ્રસિદ્ધ અભિનેતા સ્વર્ગીય શ્રી રાજેશ ખન્નાને અનેક ફિલ્મોમાં વિશિષ્ટ અભિનય આપી પ્રેક્ષકોના હૃદયમાં અમીટ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેઓ રાજનીતિના ક્ષેત્રમાં પણ સક્રિય રહ્યા હતા અને સાંસદ તરીકે લોકોના કલ્યાણની ચિંતા સેવી હતી. તેમના નિધનથી ફિલ્મજગતને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હિન્દી ચલચિત્ર જગતના વિતેલા દાયકાના પ્રસિધ્ધ અભિનેતા રાજેશ ખન્નાના દુઃખદ અવસાન અંગે ડા આઘાત અને ઘેરાશોકની લાગણી વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્વ. રાજેશ ખન્નાને શ્રધ્ધાંજલિ પાઠવતા શોકસંદેશામાં જણાવ્યુ છે કે હિન્દી ચલચિત્ર જગતમાં ૧૬૩ ફિલ્મોમાં અભિનયના ઓજસ પાથરનારા અભિનેતા રાજેશ ખન્નાએ લાખો ચાહકોના દિલમાં પોતાના અભિનયના અંદાજથી આગવું સ્થાન પ્રાઝ કર્યું હતું જે સદાકાળ ચિરંજીવ રહેશે.

પ્રાંતિજમાં સારાં વરસાદથી વાવણી કાર્ય આરંભાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં ઘણા સમય બાદ વરસાદના બે-ત્રણ જાપટાં પડતા ખેડૂતોમાં આનંદની લાગણી ફરી વળી હતી અને સાથોસાથ ખેતી કાર્યમાં પણ જોતરાયા હતા. સાબરકાંઠા જિલ્લામાં જ્યાં જ્યાં પિયત વિસ્તારો છે તેવી જગ્યાએ તેમજ જ્યાં માત્ર ને માત્ર વરસાદ આધારિત ખેતી થાય છે તેવા ખેતરોમાં પણ ખેડૂતો વિવિધ પાકો જેવા કે ગવાર, તલ, દિવેલાનું વાવેતર શરૂ કરી દીધુ છે. પ્રાંતિજ તાલુકામાં મુખ્યત્વે ડાંગરની રોપણી જ્યાં પિયતથી અને જ્યાં બિન પિયત વિસ્તાર છે તેવી જગ્યાએ વિવિધ પાકોની રોપણી પણ ખેડૂતોએ શરૂ કરી છે. આ વખતે ખેડૂતો બિયારણ સર્ટીફાઈનો વધારે આગ્રહ રાખી ખરેખર સમયસર વાવણી કાર્યમાં જોતરાઈ ગયા છે.

ખેતીકામની સાથોસાથ ક્યાંક મજૂરોની અછત વર્તાય છે એવા વિસ્તારોમાં ઉધેર જમીન આપી ખેડૂતો વાવણી કાર્યમાં કામેલાગી ગયા છે. ખરેખર નસીબ યારી આપે અને શ્રાવણ-ભાદરવો બરોબર વરસે તો કિસાનોને ઘણા લાંબા સમય પછી ખેતીમાં બરકત આવશે તેવી આશા ખેડૂત આલમમાં ચર્ચા છે. આ સાથે જ્યાં જ્યાં કેનાલો કે પેટા કેનાલોની સુવિધા છે ત્યાં સરકાર પાણી કેનાલ મારપતે આપે એવી લાગમીનો સૂર ઉઠવા પામ્યો છે.

સમાચાર ઝલક

- **ગુજરાતે ૯ ટકાનો કૃષિવિકાસ દર હાંસલ કરતાં કલામ પ્રભાવિત થયા.**
- **આગામી ૯ ઓગષ્ટથી ભ્રષ્ટાચાર સામે અણ્ણા-રામદેવ ફરી આંદોલનના મૂડમાં.**
- **સૂરતમાં બિલ્ડરોને ત્યાં ૪૫ સ્થળોએ ૨૫૦ કર્મચારીઓ દ્વારા જન્કમટેક્ષના દરોડા.**
- **ઉત્તરપ્રદેશના દુધાહેડી ગામની યુવતીઓ એ આજીવન જિન્સ ન પહેરવા, ધોરણ-૧૨ સુધી મોબાઇલનો ઉપયોગ ન કરવાની સ્વેચ્છાએ નિર્ણય લીધો.**
- **અણ્ણા ટીમના વરિષ્ઠ સભ્ય કિરણબેદીને ફંડના દુરપયોગ કેસમાં ક્લીનચીટ આપવામાં આવી છે, કોઇ પુરાવા મળ્યા નથી.**
- **રામાયણના પ્રણેતાં સંત મોરારી બાપુની કથાનું આગામી માસમાં તા. ૫ થી ૧૩ ઓગષ્ટ દરમિયાન જાપાનના હિરોશીમામાં આયોજન કરેલ છે, શાંતિ સ્થપાય તે માટે રામકથા રામબાણ ઇલાજ.**
- **વડોદરામાં બનશે નવું ક્રિકેટ સ્ટેડિયમ, ૧૦૦ કરોડનો પ્રોજેક્ટ, ક્રિકેટ બોર્ડ ૫૦ કરોડની મદદ કરશે.**
- **મુંબઇ હુલમામાં તપાસનીશ પાક પંચનો રીપોર્ટ ગેરકાયદેસર, પાકિસ્તાની કોર્ટનો ચુકાદો.**
- **રાખડી માટેના ખાસ કવર પોસ્ટખાતાએ બનાવ્યા છે, ૭ રૂપિયાની કિંમતમાં કવર મળશે.**
- **રાજસ્થાનના ૫૦ ખ્રિસ્તી પ્રચારકો જૂનાગઢમાં દામોદર કૂંડમાં ડુબકી લગાવી હિન્દુ ધર્મ અપનાવશે.**
- **ગત વર્ષ કરતાં ડેમોમાં ઓછું પાણી, કટોકટીનાં ઍંધાણ, દક્ષિણ-ગુજરાત, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતમાં ચિંતાજનક પરિસ્થિતિ.**
- **ભૂતપૂર્વ કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી રામદોસ અંબુમણિ સામે બે મહિનામાં બીજી ચાર્જશીટ દાખલ.**
- **દુબઇમાં અમેરિકી નૌકા સેનાનાં ગોળીબારમાં ભારતીય માછીમારનું મોત.**
- **અજમેરની દરગાહથી બાળકનું અપહરણ રાત્રે બે વાગે થયું, સી.સી.ટી.વી. ફુટેજમાં આખી ઘટના કેદ થઇ ગઇ.**

કચ્છમાં સેન્ટ્રલ યુનિવર્સિટી માટે આજથી ધરણાં

ગાંધીનગર, તા. ૧૮

સેન્ટ્રલ યુનિવર્સિટીને પૂર્ણપણે કાર્યરત કરવા અને તેનું સ્થળ કચ્છના રાપર, ખાવડા, નલીયા અથવા ભચાઉ ખાતે સ્થાપિત કરવા ધરણાં કાર્યક્રમનું આયોજન આવતીકાલે તા. ૧૯મી જુલાઈના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન ઘ-૩ સર્કલ ખાતે કરવામાં આવ્યું છે.

હાલમાં સેકટર-૩૦ની શાળામાં સેન્ટ્રલ યુનિવર્સિટી ચાલે છે તેનું કેન્દ્ર કચ્છમાં સ્થાપવા અને તેને પૂર્ણપણે કાર્યરત કરવાની માંગ સાથે કચ્છના વયોવૃદ્ધ શિક્ષણકાર ધરણાં યોજશે. શિક્ષણ પ્રેમીઓને આ ધરણાં કાર્યક્રમમાં જોડાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

વાવડી ગામે તળાવમાં ડૂબી જવાથી આધેડનું મોત

સાબરકાંઠા જિલ્લાના માલપુર તાલુકાના વાવડી ગામના આધેડનું બુધવારના રોજ બપોરના સુમારે ગામના તળાવમાં ડુબી જતા મોત નીપજ્યું હતું. વાવડી ગામના સોમાજી હરમાજી ખાંટ બુધવારના રોજ બપોરના ૧૨ વાગેના સમયે વાવડી ગામના તળાવ પાસે કોઈ કામ અર્થે ગયા હશે ત્યારે અચાનક તળાવમાં ડૂબી જતા તેમનું મોત નીપજ્યું હતું. જેમનો મૃતદેહ બહાર કાઢી માલપુર સરકારી દવાખાને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. માલપુર પોલીસે બબાજી હરમાજી ખાંટે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

પાંથાવાડા ગામે વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

પાથાવાડા, તા. ૧૮

બનાસકાંઠાના પાંથાવાડા-કુચાવાડા રોડ પર આજે સવારે પાંથાવાડા પોલીસે ચોક્કસ બાતમીના આધારે એક કારની અટકાયત કરી તલાસી લેતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડનો ૭૦ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો જેની અંદાજે કિ. રૂ. ૧,૫૦,૦૦૦ તેમજ કાર કિં. ૩,૦૦,૦૦૦ એમ કુલ ૪,૫૦,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. આ તકનો લાભ લઈ કારનો ડ્રાયવર ફરાર થઈ ગયો હતો. પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પાંથાવાડા રોડ પર પાંથાવાડા પોલીસને મળેલી બાતમીના આધારે વોચમાં હતા. તે દરમ્યાન બાતમીવાળી કાર દેખાતા તેની ઉભી રાખવાનો ઈશારો કરતા નહી ઉભી રાખી ફૂલ સ્પિડે હંકારતા પોલીસે પીછો કરી તેને આંતરીને થોભાવતા કાર નં. જીજે-૨૪-એ-૪૦૮૮માંથી અલગ અલગ બ્રાન્ડનો ૭૦ પેટી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પાંથાવાડા પી.એસ.આઈ. પી.એ. રાવલે વિદેશી દારૂ ૭૦ પેટી જેની અંદાજે કિ. રૂ. ૧,૫૦,૦૦૦ અને કાર કિં. રૂ. ૩,૦૦,૦૦૦ એમ કુલ રૂ. ૪,૫૦,૦૦૦નો મુદ્દામાલ ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

સોનરડા ગામે ડમ્પરની ટક્કરે બાઈક સવાર યુવકનું મોત

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામ નજીક સોનરડા ગામની સીમમાં આજે સવારે ૧૦ કલાકે એક ડમ્પર એક બાઈકને જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક સવારનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું જે અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દહેગામ તાલુકામા બસ સ્ટેન્ડ પાસે ૭ ગરનાળા નજીક દહેગામ રહેતા અને ઔડા શોપીંગમાં રશ્મી મોબાઈલની દુકાન ધરાવતા મહેન્દ્ર બાબુભાઈ ગોહીલ આજે સવારે મોબાઈલનો સામાન લેવા માટે પોતાનું બાઈક લેઈ અમદાવાદ રીલીફ રોડ તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન નરોડા દહેગામ રોડ પર સોનરડા ગામની સીમમાં એક ડમ્પર નં. જીજે-૧૮-એયુ-૮૫૯૬ના ચાલકે બેફામ રીતે ડમ્પર હંકારી બાઈક ચાલકને જોરદાર ટક્કર મારી હતી જેથી તેઓ માર્ગ પર પટકાયા હતા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી અને ડમ્પરનો ચાલક ફરાર થઈ ગયો હતો. બાદમાં ઘાયલ યુવાનને તાત્કાલિક સારવાર અર્થે અમદાવાદ સિવિલ અર્થે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજ્યું હતું. આ મામલે મૃતકના ભાઈ વિજય બાબુભાઈ ગોહિલે ડભોડા પોલીસમાં ફરિયાદ આવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સમિતિ રચશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવી આ શ્રમિકોને રહેવાની વ્યવસ્થા પણ કરી શકતા નથી. સરકાર સત્તા આપતી નથી એ તેનું મૂળ છે.

શ્રી પ્રવિણ પટેલે એવો પણ આક્ષેપ કર્યો હતો કે સરકાર સત્તા આપે નહિ અને કામ કરવા દે નહિ એ તો હદ કહેવાય. શહેરમાં જે ઝુંપડપટ્ટીમાં વસી રહ્યા છે તે સરકારની વિવિધ સાઈટોના ચાલતા કામોના મજૂરો છે. ત્યાં સ્વચ્છતા જળવાતી નથી. આરોગ્ય વિષયક કામગીરી પણ થતી નથી. તેમણે જણાવ્યુ હતુ કે અમે શહેરને સ્વચ્છ બનાવવા સંપૂર્ણ કટિબદ્ધ છીએ સરકાર તેની આડોડાઈ છોડી સત્તા આપે.

આ પછી ભાજપના શ્રી સુરેશ મહેતા અને કાર્તિક પટેલ દ્વારા સ્વચ્છતા ન જાળવનારાઓ સામે દંડનીય કાર્યવાહી અંગેની દરખાસ્ત પર ચર્ચા હાથ ધરાઈ હતી. ભાજપના શ્રી કાર્તિક પટેલે રેગ્યુલર આરોગ્ય અધિકારીની નિમણુંક અને બાયોલોજીસ્ટની જગ્યા પર નિમણુંકના મુદ્દે ગઈ વખતે ખાત્રી અપાયા પછી પણ જગ્યાઓ ભરાઈ નથી ? તેમણે જણાવ્યું કે અર્બન હેલ્થ પ્રોજેક્ટના નાણાં વપરાયા વગર એક વર્ષથી પડી રહ્યા છે એટલુ જ નહિ પણ દંડ વસુલવામાં વ્હાલા-દવલાં જોવાય છે. દંડનીય કાર્યવાહી સઘન બનાવવા તેમણે હિમાયત કરી હતી.

ભાજપના જ શ્રી સુરેશ મહેતાએ હોટલો અને લારીઓ દ્વારા જાહેરમાં એંઠવાડ ફેંકવાના બનાવો અંગે ધ્યાન દોરી જણાવ્યુંહતું કે આ અંગે તંત્રની ચૂપકીદી સહન થાય તેમ નથી. તેમણે વોર્ડ નં. ૬માં ઉભી થયેલી સ્થિતિ અંગે પણ ચિંતા વ્યક્ત કરી જણાવ્યું હતું કે કાઉન્સીલર તરીકે અમે રજુઆતો કરી એ તો પગલાં લેવાય છે.

કોંગીના શ્રીમતિ મીનાબા વાઘેલાએ જણાવ્યું કે વોર્ડ નં. ૬ અંગેનું ખોટુ ચિત્ર ઉભુ કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે ત્યાં રોગચાળાની સ્થિતિ જરૂર છે પણ તંત્રના પ્રયાસોથી મોબાઈલ ઓ.પી.ડી. શરૂ થઈ ગઈ છે. અહિ દવાનો છંટકાવ પણ નિયમિત થાય છે. પાણી ચોખ્ખુ નથી આવતુ એ ફરિયાદ છે. જે માટે પણ રજુઆતો કરવામાં આવી છે.

મેયર શ્રી રાણાએ ચર્ચામાં દરમ્યાનગીરી કરતાં જણાવ્યું હતુ કે તંત્રએ ગંદકી ફેલાવનારાઓ પાસેથી રૂ. ૧,૧૫,૬૫૦ જેટલો દંડ વસુલ્યો છે. પાણીજન્ય રોગચાળો છે અને પ્રદૂષિત પાણીને કારણે થતો હોય છે. તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે. સરકાર જો અમને પાણી ગટર આપશે તો અમે ચોક્કસ ચોખ્ખુ પાણી તો પીવડાવીશુ જ.

કોંગીના શ્રી હસમુખ મકવાણાએ પણ શહેરમાં ગ્રામ્ય વિસ્તાર જે સમાવિષ્ટ છે ત્યાં ગંદકીના વધતા જતા પ્રમાણ અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરી આ વિસ્તારને કરાતા અન્યાયનો વિરોધ કર્યો હતો.

જો કે આ પછી ચર્ચા સમાપ્ત કરવાની જાહેરાત મેયરે કરી હતી.

વરસાદ ખેંચાતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીલાશાકભાજીમાં ટામેટી, મરચી, રીંગણના વાવેતર તરફ વધુ ઝોક આપી વાવેતર કરવા તલપાપડ બન્યા છે. આ ઉપરાંત અષાઢ માસ વિત્યાના દિવસો હોવાથી ખેડૂતો અષાઢી મેઘરાજાની રાહ જોતાં ક્યાંક વરસાદ પડવાના ઍંધાણો નહીવત જણાતાં ખેડૂતવર્ગમાં ભારે ચિંતાજનક મોજું પ્રવર્તી રહ્યું છે. આમ ખેડૂતોની સ્થિતિમાં વરસાદ ખેંચાતા પાક બચાવવા કુદરત પર ભરોસો રાખી હૈયે હાથ દઈને મેઘરાજાને આજીજી કરી રહ્યા છે. આ વિસ્તારમાં રાત દિવસ ખોરંભાયેલા આકાશી વાદળો વરસ્યા વિના સંતાકુકડી કરી રહ્યા છે. અસહ્ય ભાફ ઉકળાટમાં સૌ નાગરિકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. અષાઢ માસના અંતમાં વરસાદ હાથતાળી આપતો હોય તેવો ભાસ વર્તાઈ રહ્યો છે. તેમ છતાં પાછોતર વરસાદ વરસે તેવી આશા માંડી ખેડૂતો પાક બચાવવા તલપાપડ બન્યા છે. આ વિસ્તારમાં પશુપાલકો વરસાદ અંગે ખૂબ ચિંતિત બન્યો છે. વરસાદની અનિશ્ચિતતાને લીધે લીલો ઘાસચારોનો પ્રશ્ન અત્યારથી સતાવી રહ્યો છે. આમ વરસાદ ખેંચાતા ખેડૂતોનો પાક મુઝાતા, કપાસના પાકમાં જીવાતનો પગપેસારો તથા મોંઘવારીનો માર સહન કરવો પડેતેવી સ્થિતિમાં સૌ પ્રજાજનો ચિંતિત બન્યા છે.

પ્રતિમા મૂકાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તળાવની સ્થિતિનું નિરિક્ષણ કરવાની વાટે બેઠેલા તંત્રના અધિકારીઓનું મોં વંકાયું છે. વરસાદના અભાવે તળાવમાં પાણી ન ભરાતા આ પીકનીક સ્પોર્ટની રોનક નિખરી નથી. જો કે તળાવ વિકાસની કાર્યયોજનામાં સમાવિષ્ટ ફૂડકોર્ટનું કામ હાથ ધરવા તંત્રકક્ષાએથી ટૂંકમાં ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે જ્યારે તળાવ ફરતે આકર્ષક સ્ટેચ્યુ મુકવા પણ નિષ્ણાંત આર્કીટેક્ટનો અભિપ્રાય લઈ આગળની ગતિવિધિઓ હાથ ધરવા આયોજન કરવામાં આવી રહ્યું છે. તળાવની રોનક નિખારવા તળાવ ફરતે ચાર જેટલા સ્ટેચ્યુ મુકવાનો પણ નિર્ણય લેવાયો છે. જ્યારે કેવા પ્રકારના સ્ટેચ્યુ મુકાશે તે અંગે હજુ કોઈ આખરી નિર્ણય લેવાયો નથી. તળાવ આસપાસ બગીચા અને ટાંકી સહિતની કામગીરી પૂર્ણ થતા પણ હજુ બે મહિના જેટલો સમય લાગે તેમ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

અંતિમ સત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૪ સંસદસભ્યો મતદાન કરશે. પ્રત્યેક સભ્યના મતનું મૂલ્ય ૧૪૭ થાય છે. રાજ્યમાં લોકસભાના ૨૬ અને રાજ્યસભાના ૧૧ સંસદસભ્યો છે જેમાં મોટાભાગના પાર્લામેન્ટમાં મતદાન કરવાના છે. પ્રથમવાર રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણી ગુજરાતમાંથી મત આપશે. તેઓ ઝારખંડમાથી ચૂંટાઈને રાજ્યસભામાં ગયેલા છે.

ગુજરાત વિધાનસભામાં પક્ષવાર સ્થિતિ જોઈએ તો ભાજપના ૧૨૧, કોંગ્રેસના ૫૬, એનસીપીના ત્રણ, એક જેડીયુ અને એક અપક્ષ સભ્ય છે. ભાજપના એક ધારાસભ્ય કનુભાઈ કલસરિયાએ ક્રોસવોટીંગ કરવાના હોવાની ઘોષણા કરી છે.

વિધાનસભાના સત્રના કારણે ગાંધીનગરમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે. સવારે ૧૦ વાગ્યે મતદાન થશે ત્યારબાદ વિધાનસભાનું અંતિમ સત્ર શરૂ થશે. ત્રણ પૂર્વ સભ્યોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ પસાર કર્યા પછી સરકારી કામકાજ શરૂ થશે જેમાં આરોગ્ય વિભાગની એક મહત્વની જાહેરાત કરવામાં આવશે તેમજ સરકારી વિધેયકોને અનુમતિ અપાશે.

આ સત્રમાં કોંગ્રેસના સભ્યો કાર્યવાહી ખોરવવાનો પ્રયાસ કરે તેમ મનાય છે કારણ કે કોંગ્રેસની માગણી સત્રના દિવસો લંબાવવાની હતી પરંતુ સરકારે એક દિવસના સત્રનું આહવાન કર્યું છે. કાયદો-વ્યવસ્થા, મંત્રીઓના ભ્રષ્ટાચાર અને અછતની સ્થિતિ અંગે વિપક્ષો આક્રમક મૂડમાં રહેશે, સામે શાસક પક્ષે પણ પ્રતિકાર કરવાનું નક્કી કર્યું છે. બન્ને પાર્ટીઓની બેઠકમાં આવતીકાલની એક દિવસની બેઠક માટે રણનિતી ઘડવામાં આવી છે.

નવી વિધાનસભાનું ગઠન ડિસેમ્બરમાં યોજાનારી ચૂંટણીઓ પછી ૧૭મી જાન્યુઆરી સુધીમાં કરી દેવામાં આવનાર છે. આ વખતે ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ રચાય તેવી પુરેપુરી શક્યતા છે.

શબ્દાવલી - ૪૭૯૨



આડી ચાવી

૧. હાથીનો અસવાર જે હાથીને કંટ્રોલમાં રાખે છે તે (૪)
૪. પ્રેમ, સ્નેહ (૨)
૬. રક્તવાહિની શીરા અને... (૩)
૭. ચરણામૃત પી અને માથે ચડાવવું તે (૪)
૮. એક પ્રકારનું વાદ્ય પી અને માથે જેનો આકાર માટલા જેવો હોય (૨)
૯. ફોન, દુરભાષ યંત્ર (૪)
૧૧. બે માલિક વચ્ચેના કર્મચારીઓ... (૨)
૧૩. સરઘસ (૨)
૧૬. ... રકાબી, પ્યાલો (૨)
૧૭. ઉજાસ, તેજ (૩)
૧૯. ... કરવી, ઝાપટવું તે (૬)
૨૧. ... જ્ઞાતિ, એક જાતિ (૩)
૨૨. નેત્ર, આંખો (૩)

ઊભી ચાવી

૧. લોક સેવાના પ્રેરણામૂર્તિ મહિલા જેને 'મા' નું બિરૂદ મળ્યું (૬)
૨. હિંમત (૨)
૩. ...કરણ, વનને લગતું (૨)
૪. ક્ષેમકુશળ (૪)
૫. શરીર (૨)
૭. આજ્ઞા, ... આપવી (૨)
૮. સ્મૃતિ પટલ, મનને અનુલક્ષીને (૫)
૧૦. સુકી નહીં તેવી (૨)
૧૨. નૂર, તેજ (૩)
૧૫. કચબચીયા (૪)
૧૬. પ્રપંચ, પાચ (૩)
૧૮. માંસ (૩)
૧૯. તળવા માટે વપરાતું કાણાવાળું સાધન (૨)
૨૦. હિંચકો (૨)

શબ્દાવલી ૪૭૯૧ના જવાબ

આડી ચાવી :- (૧) ભીંતર (૪) પરમત (૭) રૂખસદ (૯) રઝળપાટ (૧૧) તમા (૧૨) રાસ (૧૪) યોજનાબધ્ધ (૧૮) વારી (૧૯) માતલી (૨૦) સયાજીરાવ (૨૨) દાવ (૨૪) મરો (૨૫) નખ

ઊભી ચાવી :- (૧) ભીરૂ (૨) તખતી (૩) રસ (૫) રસાળ (૬) તર્કટ (૮) દરમાયો (૧૦) કારાવાસ (૧૩) નાત (૧૭) બલિદાન (૨૧) જીરો (૨૩) વખ